**તા. ૦૨/૦૨/૨૦૨૪**

| અગ્રતા ક્રમાંક | તારાંકિત પ્રશ્ન ક્રમાંક | મુખ્ય પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રી / પ્રશ્નની વિગત | પૂરક પ્રશ્ન ક્રમાંક | પૂરક પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧૩ | ૧૫/૪/૩૧ | જુનાગઢ જિલ્લામાં નોન પ્લાન રસ્તાઓને ડામર સપાટીના બનાવવા બાબત<br>શ્રી અરવિંદભાઇ લાડાણી- માણાવદર | ૧ | શ્રી સંજયભાઇ કોરડીયા- જુનાગઢ |

| પૂરક પ્રશ્ન ક્રમાંક | અગ્રતા ક્રમ –૧૩<br>પુરક પ્રશ્ન આપેલ ધારાસભ્યશ્રીનું નામઃ– શ્રી સંજયભાઇ કોરડીયા– જુનાગઢ |
|---|---|
| પ્રશ્ન–૧ | મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના ક્યારથી અમલમાં આવી? મંજુરીની કાર્યપદ્ધતિ શું છે? ચાલુ વર્ષ સુધીમાં કુલ કેટલા કામો મંજુર કરવામાં આવ્યા? મંજુર પૈકી કુલ કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા તથા કેટલા પ્રગતિ હેઠળ છે. |
| જવાબ–૧ | ➢ મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના વર્ષ ૨૦૧૬–૧૭ થી અમલમાં આવેલ છે.<br>➢ સદર યોજનાના ધારાધોરણ મુજબ બે ગામને જોડતા ડેરી ઉદ્યોગ, શાળાએ જતા, સી.એચ.સી. અને પી.એચ.સી. સેન્ટરને જોડતા, રાજ્ય રસ્તા અથવા જિલ્લા માર્ગો સાથે સીધા જોડાણ ધરાવતા રસ્તાઓને મંજુરી આપવામાં આવે છે.<br>➢ યોજના શરૂ થયાથી ચાલુ વર્ષ સુધીમાં રૂ.૨૬૪૪૮ કરોડની રકમના ૬૯૩૧૭ કિ.મી. લંબાઈના ૨૭૭૫૭ કામોને મંજુરી આપવામાં આવેલ છે.<br>➢ મંજુર થયેલ કામો પૈકી ૫૪૧૮૨ કિ.મી. લંબાઈના ૨૨૦૩૩ કામો રૂ.૧૮૯૯૩ કરોડની રકમના કામો પુર્ણ કરવામાં આવેલ છે તથા ૬૭૭૧ કિ.મી. લંબાઈના ૩૫૨૮ કામો પ્રગતિ હેઠળ છે. |